# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ-8** | **ગુજરાતી** | **જુલાઈ, 2020**

**સમય: 1 કલાક** | **કુલ ગુણ: 25**

**<u>* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)</u>**

અ.નિ. પરિચિત, અપરિચિત પરિસ્થિતિનું વર્ણન અને વિશ્લેષણ કરી શકે છે.

**પ્રશ્ન: 1 કોવિડ-19ના લીધે આવેલ લોકડાઉન દરમિયાનના તમારા અનુભવો સાત – આઠ વાક્યોમાં લખો.** 5

અ.નિ. કાવ્યપંક્તિ, વિચારવિસ્તાર, સૂકિત, કહેવતો અને ગદ્ય-પદ્યનું સ્વતંત્ર લેખન તથા સારલેખન કરી શકે છે.

**પ્રશ્ન:2. માગ્યા મુજબ લખો.**

1. કાવ્યમાંથી નીચે આપેલ અર્થ દર્શાવતી પંકિતઓ શોધી લખો. 3
   - કવિ સતત પરિશ્રમ કરતા રહ્યા પરંતુ તેમની મહેનતનું ફળ ન મળ્યું.
   - મારા જીવનમાં પ્રકાશ ન ફેલાયો તે મારા માટે ખૂબ દુઃખની વાત છે.
   - હે પરમાત્મા હું તમારી પાસે વધુ નહિ જ્ઞાનનો એક તણખો માગું છું.
2. કાવ્યપંક્તિ તમારા શબ્દોમાં સમજાવો. 2

   ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી
   વિશ્વાનલ ! હું અધિક ન માગું-
   માગું એક ચિનગારી, મહાનલ ! એક જ દે ચિનગારી.

અ.નિ. બિલ , રિસિપ્ટ , રેપર , રિપોર્ટ , મિનિટ્સનો માહિતી માટે ઉપયોગ કરે છે.

**પ્રશ્ન:3. જાહેરાત વાંચી તેને આધારે નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય ઉત્તર લખો.** 5

ડીજીટલ પે માર્ગદર્શન
એકવીસમી સદીમાં ઉપયોગી .....

તા. 20/01/2019 સમય: સાંજના 4.00 થી 5.00
લાભાર્થી જૂથ : 15 વર્ષથી 80 વર્ષ સુધીના.
રજીસ્ટ્રેશન તારીખ: 10/01/2019 એક જ દિવસ (વહેલા તે પહેલા.....)
સ્થળ: વાણિજ્ય ભવન, અલકાપુરી, વડોદરા
કેશલેસ અર્થતંત્રના ફાયદા : વિચારો અને અનુભવો

- ➢ છેતરપીંડીથી બચીએ
- ➢ કાગળ અને સમયને બચાવીએ
- ➢ રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપીએ.
- ➢ કરચોરી, ભ્રષ્ટાચારને અટકાવીએ
- ➢ ચોરોથી સુરક્ષિત પાકીટ અને ઘર

આયોજક: વિકાસ ફાઉન્ડેશન, વડોદરા
સંપર્ક: xxxxx xxxxx

(1) ડીજીટલ પે માર્ગદર્શનની બેઠક ક્યાં યોજવામાં આવી હતી ?

(અ) વાણિજ્ય ભવન (બ) ભૂલકાં ભવન (ક) સરદાર ભવન (ડ) ગાંધીભવન

(2) ડીજીટલ પે માર્ગદર્શન બેઠકમાં નીચેનામાંથી કઈ ઉંમરની વ્યક્તિ લાભ મેળવી શકશે ?

(અ) 12 વર્ષ (બ) 82 વર્ષ (ક) 75 વર્ષ (ડ) 14 વર્ષ

(3) ડીજીટલ પે વિશે નીચે પૈકી શું સાચું છે ?

(અ) શાકભાજી લેવા માટે રોકડા રૂપિયા લઈને જવું

(બ) રોકડમાં વ્યવહાર કરવો

(ક) પૈસા ઉપાડવા ATMમાં જવું

(ડ) રોકડાને બદલે કાર્ડથી વ્યવહાર કરવો.

(4) આ શાની જાહેરાત હતી?

(અ) ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનની.

(બ) વેપાર ધંધા માટેની.

(ક) ચોરી અટકાવવાની.

(ડ) રોકડ નાણાં વ્યવહાર ઘટાડવાની.

(5) ડીજીટલ પે દ્વારા થનાર કોઈ એક લાભ જણાવો.

અ.નિ. આશરે 5000 જેટલા શબ્દો જા ણે છે અને શબ્દકોશનો ઉપયોગ ક રે છે તેમજ વ્યાવહારિક વ્યાકરણ જાણે છે.

**પ્રશ્ન:4. માગ્યા મુજબ ઉત્તર આપો.** **5**

(1) અનુકૂળ સંજોગોમાં તો બધા કામ કરે પણ ........................ના સમયમાં કામ કરે તે વિરલ કહેવાય.

(અ) સાનુકૂળતા (બ) દુર્ગમ (ક) વિપત્તિ (ડ) સહજતા

(2) જુદો પડતો શબ્દ શોધીને લખો.

મૂલ્ય, શુલ્ક, ભાવ, નફો, દર

(2) ગાંધીજીની વિદ્યાર્થીઓને ભણાવવાની અને શિક્ષા કરવાની રીત બેજોડ હતી.

( ઉપરોક્ત જવાબ મળે તે માટે યોગ્ય પ્રશ્નરચના શોધીને લખો.)

(અ) શિક્ષા એટલે સજા કે શિક્ષણ?

(બ) બેજોડ એટલે જેની જોડ ન હોય તેવી કે જેની બે પ્રકારની જોડ હોય તેવી ?

(ક) ગાંધીજીની ભણાવવાની અને શિક્ષા કરવાની રીત કેવી હતી?

(ડ) અહીં કોને ભણાવવાની વાત છે?

(4) આપેલ શબ્દના ધ્વનિ (સ્વર-વ્યંજન) છૂટા પાડી લખો. “ મહાનલ”

(5) વ્યંજન-સ્વરને જોડી શબ્દ બનાવો. ખ્ + અ + ર્ + અ + ચ્ + ઈ =

અ.નિ. ગદ્યાંશ પરથી સારાંશ, શીર્ષક પરથી વાર્તા જેવા લેખોનું સર્જન કરી શકે છે.

**પ્રશ્ન:5 (નર્સ, ડોક્ટર, હોસ્પિટલ,પોલીસ,એમ્બ્યુલન્સ, સેવાભાવી સંસ્થાઓ, સ્વયંસેવકો ) આપેલા શબ્દોનો ઉપયોગ કરી એક ફકરો તૈયાર કરો.** **5**